ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# વિધાનસભા કૂચમાં કોંગ્રેસનો હલ્લાબોલ

**વિધાનસભા ઘેરાવ એલાન સંદર્ભે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો વિધાનસભા તરફ કૂચ કરી રહ્યા હતા ત્યારે ઘ-૪ પાસે પોલીસે અટકાવતા સંઘર્ષ સર્જાયો : વોટર કેનનનો ઉપયોગ કરાયો : 'વરૂણ' પોલીસ વાહન પથ્થર મારતા પોલીસ ઉશ્કેરાઈ : પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાનો ઝભ્ભો ફાડી નાખ્યાની ફરિયાદ : ૩૦૦ ઉપરાંત કાર્યકરોની અટકાયત**

ગાંધીનગર, તા.૯

બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા રદ કરવી, મહિલા-ખેડુતોના પ્રશ્નો, રાજયમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ સહિતના મુદ્દે કોંગ્રેસ પક્ષ અને ભીલીસ્તાન ટાઈગર સેનાએ આજે ગાંધીનગર પોલીસની આકરી કસોટી લીધી હતી. મહિલાઓ-ખેડુતો, બેરોજગાર યુવાનો સહિતના વિવિધ પ્રશ્નો મુદ્દે કોંગ્રેસે બીજુ નવનિર્માણ આંદોલન ગણાવી કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી, સિદ્ધાર્થભાઈ પટેલ, સહિતના ધારાસભ્યો, આગેવાનો અને ૨૦૦૦ જેટલા કાર્યકરો સાથે સત્યાગ્રહ છાવણીથી વિધાનસભા તરફ કુચ કરી હતી. ત્યારે માત્ર અડધો કિલોમીટર જેટલા અંતરે જ ઘ-૩ પાસે ઉભી રહેલી પોલીસે બેરીકેટસ અને વાહનોની આડશ કરીને તેઓને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ કાર્યકરોએ ઉગ્ર દેખાવો કરતા પોલીસે તેમને રોકવા માટે વોટર કેનન દ્વારા પાણીનો મારો ચલાવી આગળ જતા અટકાવી દીધા હતા. રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડા સહિતના પોલીસ કાફલાએ કોંગ્રેસના આગેવાનો સહિત ૩૫૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. ત્યારે વોટર કેનન પર કાર્યકરોએ પથ્થર ફેંકતા તેનો કાચ તુટી ગયો હતો. પોલીસે ટીંગા-ટોળી કરીને કાર્યકરોને વાહનમાં બેસાડતી વખતે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાનો ઝભ્ભો પણ ફાટી ગયો હતો. ત્યારે કોંગ્રેસના કાર્યકરોને વિધાનસભા સુધી પોલીસના એકશન પ્લાને પહોંચવા દીધા ન હતા. ત્યારે પોલીસે વિરોધ પ્રદર્શનને લઈ વિધાનસભા, સત્યાગ્રહ છાવણી, ઘ-૩, ઘ-૪, સહિતના મુખ્ય માર્ગો પર પોલીસે લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા ગેરરિતી બહાર આવ્યા બાદ પરીક્ષા રદ કરવી, રાજયમાં કથળતી જતી કાયદો વ્યવસ્થાની સ્થિતિ, બેરોજગાર યુવાનો, ખેડુતો અને મહિલાઓના વિવિધ પ્રશ્નોને લઈ આજે કોંગ્રેસ પક્ષ દ્વારા શહેરની સત્યાગ્રહ છાવણીથી વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ યોજયો હતો. જેથી સત્યાગ્રહ છાવણી ખાતે સવારથી જ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અને હોદેદારો-આગેવાનો સહિત કાર્યકરો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. યુથકોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકરોએ સુત્રોચ્ચાર કરતા અનોખો માહોલ જામ્યો હતો. ઘ-૨ થી ઘ-૩ સુધીના માર્ગ પર કોંગ્રેસના ઝંડા અને તોરણ લટકતા જોવા મળતા કોંગ્રેસી માહોલ છવાયો હતો. જયારે મહિલાઓ વિવિધ પ્લેકાર્ડ અને બેનર્સ સાથે નજરે પડ્યા હતા. કોંગ્રેસના આગેવાનોએ આઝાદીની

● અનુસંધાન પાન-૭ પર









## રેલીમાં શહેર-કોંગ્રેસના મહામંત્રી રાકેશ જાનીનુ પાકિટ ગુમ થયુ

ગાંધીનગર ખાતે આજે યોજાયેલ કોંગ્રેસ પક્ષની વિધાનસભા સુધીની કૂચ દરમ્યાન ગાંધીનગર શહેર-કોંગ્રેસ સમિતિના મહામંત્રી રાકેશ જાનીનુ પાકિટ ગુમ થઈ જવા પામ્યુ હતુ.

પાકિટ ગુમ થયાનો ખ્યાલ જાનીને આવતાં તેમણે તાત્કાલિક શોધખોળ આદરી હતી પરંતુ રાત સુધી તેમને મળ્યુ ન હતુ. આ પાકિટમાં કેટલાક અગત્યના કાગળો હોવાનુ તેમણે જણાવ્યુ હતુ.

## જિલ્લા એનએસયુઆઈ દ્વારા ગેટ નં-૭ પાસે વિરોધ પ્રદર્શન



કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ આપ્યો હતો. ત્યારે કાર્યકરોની અટકાયત સત્યાગ્રહ છાવણીથી નજીકથી કરી દેવાઈ હતી. ત્યારે વિધાનસભા ગેટ નં-૭ સામે ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ અમિત પારેખ તેમના ૧૫ થી વધુ કાર્યકરોને લઈને આવી ગયા હતા અને સરકાર સામે સુત્રોચ્ચાર કરીને માર્ગ પર સુઈને વાહન વ્યવહાર રોકવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે ગેટ નં-૭ પર હાજર પોલીસ જવાનો આવી પહોંચ્યા હતા અને કાર્યકરોને ટીંગા-ટોળી કરીને ગાડીમાં લઈ ગયા હતા.

## મીના બજારની તમામ દુકાનો બંધ રખાવી



વિધાનસભાના સત્રના પ્રારંભે કોંગ્રેસ દ્વારા વિધાનસભા ઘેરાવના કાર્યક્રમને લઈ પોલીસે મીના બજારની તમામ દુકાનો બંધ કરાવી દીધી હતી. રવિવારની સાંજથી પોલીસ દ્વારા દુકાનો બંધ કરાવી હતી. ત્યારે કેટલાક વેપારીઓએ ખોલેલી દુકાનો પોલીસે બંધ કરાવતા વેપારીઓમાં રોષ જોવા મળ્યો હતો.

## ગાંધીનગરના પાણી અંગે કેન્દ્ર સરકારનો કોઈ રિપોર્ટ મળ્યો નથી

**૧-૪-૧૯ થી ૧૫-૧૧-૧૯ દરમ્યાન લેવાયેલ તમામ પાણીના નમૂનામાં એક પણ નમૂનો નિષ્ફળ રહ્યો નથી : પાણી પુરવઠા મંત્રી**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના પેયજળની ગુણવત્તા અંગે કેન્દ્ર સરકારે આ અંગે કોઈ જાણ કરી નથી એટલુ જ નહિ પણ ગાંધીનગર શહેરના તમામ ૧૦ નમૂના એક યા બીજા પેરામીટર્સમાં ફેઈલ હોવાનુ જાહેર કરેલ છે પરંતુ સેમ્પલ ક્યાંથી આવ્યા કયા પેરામીટર્સ ફેઈલ રહ્યા તે અંગે અધિકૃત રિપોર્ટ પણ મળ્યો નથી.

પાટણના ધારાસભ્ય કીરીટ પટેલ અને ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયાએ આ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીએ જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે ગાંધીનગર શહેરને નર્મદા નેટવર્કમાંથી પાણી આપવામાં આવે છે. પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ દ્વારા પાણી શુદ્ધ કરી વિતરણ કરવામાં આવે છે.

પાણી પુરવઠા વિભાગ દ્વારા નર્મદા કેનાલમાંથી પાણી પંપીંગ કરી સરીતા ઉદ્યાન અને ચરેડી ખાતે આવેલ પાણી શુદ્ધિકરણ પ્લાન્ટમાં શુદ્ધ કરી તે જ સ્થળે માર્ગ-મકાન વિભાગ હસ્તકના સ્ટોરેજમાં આપવામાં આવે છે. જ્યાંથી માર્ગ-મકાન વિભાગ દ્વારા ઊંચી ટાંકી દ્વારા વિતરણ કરવામાં આવે છે.

તેમણે જણાવ્યુ હતુ કે પાણી પુરવઠા બોર્ડની પ્રયોગશાળા દ્વારા બોર્ડ હસ્તકના પાણી શુદ્ધિકરણ પ્લાન્ટથી શુદ્ધ કરાયેલા પાણીના નમૂનાઓ લઈ પરીક્ષણ કરવામાં આવે છે. ૧-૪-૧૯ થી ૧૫-૧૧-૧૯ દરમ્યાન આવેલ આ નમૂનાઓમાં એક પણ સેમ્પલ નાપાસ કે નિષ્ફળ થયેલ નથી.

પાણી પુરવઠા મંત્રીએ બહુ ભારપૂર્વક જણાવ્યુ હતુ કે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ જ અધિકૃત રિપોર્ટ હજુ સુધી ગુજરાત સરકારને મળ્યો નથી. પાણી પીવાલાયક છે.

## ગાંધીનગર જિલ્લામાં માર્ગ-અકસ્માતમાં બે વર્ષમાં ૪૬૩ લોકોએ જીવ ગુમાવ્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ૧૬-૧૧-૧૭ થી ૧૫-૧૧-૧૯ દરમ્યાન ૪૬૩ લોકોના માર્ગ અકસ્માતમાં મોત થયા છે તેમ રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૧૬-૧૧-૭થી ૧૫-૧૧-૧૮ દરમ્યાન ૨૪૯ વ્યક્તીના માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયા હતા, જ્યારે ૧૬-૧૧-૧૮ થી ૧૫-૧૧-૧૯ દરમ્યાન ૨૧૪ વ્યક્તીના માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયા છે.

રાજ્ય ગૃહમંત્રીએ જણાવ્યુ હતુ કે માર્ગ અકસ્માતમાં માનવ મૃત્યુમાં ઘટાડો થાય તે દિશામાં સરકાર ચિંતીત છે અને તે માટે જરૂરી સૂચનાઓ સંબંધિત વિભાગોને આપવામાં આવી છે.

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે રાજયમાં વાહનોથી થતા માર્ગ અકસ્માતથી માનવ મૃત્યુ ઘટે એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજયમાં અકસ્માતનું પ્રમાણ ઘટે અને માનવીના જીવ બચે એ માટે સ્થળ મુલાકાત લઈ જરૂરી સૂચનો કરવા સારૂ પોલીસ આરટીઓ અને માર્ગ મકાન વિભાગની સંયુક્ત ટીમો કાર્યરત છે. આ ટીમ દ્વારા રાજ્યમાં ૪૯૮ જેટલા સ્થળોની

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર મનપાને પાંચ વર્ષમાં કેન્દ્ર-રાજ્ય સરકારની ૩૦૦ કરોડથી વધુ ગ્રાન્ટ મળી છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકાને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી જુદા જુદા હેડ હેઠળ રૂ. ૩૦૦ કરોડથી વધુની ગ્રાન્ટ મળી છે.

કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ મંત્રી વિભાગનો હવાલો ધરાવતા મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે કેન્દ્ર સરકાર તરફથી ૨૦૧૪-૧૫ થી ૨૦૧૮-૧૯ દરમ્યાન રૂ. ૯૦.૪૩ કરોડ ગ્રાન્ટ પેટે મળ્યા છે.

તેમણે જણાવ્યુ છે કે આજ સમયગાળા દરમ્યાન રાજ્ય સરકાર તરફથી ૨૧૩.૧૭ કરોડ ગ્રાન્ટ પેટે ચુકવવામાં આવ્યા છે. સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૨૫૦ કરોડની ગ્રાન્ટ આ શહેરને મળવા પાત્ર થાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે લાઈવલી હુડ મિશન સ્વચ્છ ભારત મિશન, અર્બન ડેવલોપમેન્ટ મિશન, શહેરી વિકાસ કંપની અને મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ દ્વારા મનપા તરફથી દરખાસ્ત મળેથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

તેમણે જણાવ્યુ છે કે ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ દ્વારા યોજના મુજબ મનપા દ્વારા કામની દરખાસ્ત મોકલવામાં આવી નથી તેથી કોઈ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં પાંચ વર્ષમાં વારસાઈ અને વેચાણ માટેની ૪૯૭૦૩ અરજીઓ મળી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ઈ-ધારામાં ૪૯૭૦૩ અરજીઓ વારસાઈ અને વેચાણ માટેની મળી છે. જેમાં ૩૬૮૨ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે આ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું છે કે ૨૦૧૪માં ૯૧૫૦, ૨૦૧૫માં ૯૮૨૪, ૨૦૧૬માં ૯૩૩૦, ૨૦૧૭માં ૮૬૮૦ અને ૨૦૧૮માં ૧૨૭૧૯ અરજીઓ આ અંગે ઈ.ધરા કેન્દ્રને મળી હતી.

જેમાં વેચાણની અરજીઓ ૨૦૧૪માં ૫૮૦૪, ૨૦૧૫માં ૬૩૬૬, ૨૦૧૬માં ૫૭૮૫, ૨૦૧૭માં ૫૬૦૪ અને ૨૦૧૮માં ૧૦,૧૪૧ અરજીઓ મળી હતી.

જે અરજીઓ નામંજૂર થઈ છે તેમાં ૨૦૧૪માં ૯૮૩, ૨૦૧૫માં ૭૮૩, ૨૦૧૬માં ૫૦૫, ૨૦૧૭માં ૬૧૨ અને ૨૦૧૮માં ૭૯૯ અરજીઓનો સમાવેશ થાય છે.

આ અરજીઓ નામંજૂર કરવાના મુખ્ય કારણોમાં વારસાઈમાં પેઢિનામુ, સોગંદનામુ તથા મરણના દાખલા વિગિરે પુરાવા રજુ ન થયેલ હોવાને કારણે, વેચાણના કિસ્સામાં વેચાણ આપનારનુ નામ કબ્જેદાર તરીકે ચાલતુ ન હોવાના કારણોસર, વેચાણ લેનાર ખેડૂત ખાતેદાર તરીકેના પુરાવા, ૧૩૫ ડી ની નોટીસ ના બજાવેલ હોઈ અને વેચાણ દસ્તાવેજ કે અસલ ઈન્ડેક્સ રજુ થયેલ ના હોઈ નોંધો ના મંજૂર કરવામાં આવેલ છે.

દરમ્યાન ભાજપના ધારાસભ્ય શંભુજી ઠાકોરે જિલ્લામાં હક્કપત્ર નોંધોનો નિકાલ બાકી છે તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું છે કે ૮૭૦૦ નોંધોનો નિકાલ કરવાનો બાકી છે.

તેમણે જણાવ્યુ હતુ કે બાકી નોંધોનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરી દેવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com